સશિ૫/ફેબ્રુ૦૦/૨૦૦

**બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા**

**સત્સંગ શિક્ષણ પરીક્ષા**

# સત્સંગ પ્રાજ્ઞ : તૃતીય ખંડ

## પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] રવિવાર, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૦૦ કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**('વચનામૃત'ને આધારે)**

**પ્ર.૧. (અ) નીચેનામાંથી કોઈપણ ત્રણ સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષય પર મુદ્દાસર નોંધ લખો.** ૨૧

૧. ભગવાન અને સંતની સરખી સેવાનું ફળ.
૨. ભગવાનના ભક્તને મોટું વિઘ્ન!
૩. 'સર્વ સાધનના ફળરૂપ તો આ સત્સંગ છે.'
૪. ચક્રવર્તી રાજાના દૃષ્ટાંતે પરમેશ્વરનો મહિમા.
૫. હડકાયા શ્વાનનું દૃષ્ટાંત તથા તેનું રહસ્ય.

**(બ) નીચેનાં અવતરણોની પૂર્તિ કરો અને તેના વચનામૃતનો ક્રમાંક ટાંકો.** ૧૫

૧. દેહને વિષે અહં ..................... દિવસે કરીને સમજો.
૨. એવી રીતે એ ચાર ................. ભક્તિ આવે છે.
૩. અને જે વાદ-વિવાદે કરીને ...... ગમે નહીં.
૪. તેમ જેને આ બે ...................... એને જ કહીએ.
૫. જેવી પોતાના દેહને વિષે ........ સદાય રહ્યા કરે.

**(ક) નીચેના કોઈપણ એક વિષય પર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી વચનામૃતના જ શબ્દોમાં બે અવતરણો ટાંકો :** ૪

(૧) પ્રગટમાં પ્રતીતિ.
(૨) પંચ વિષય.

09



**('સનાતન ધર્મ અભિગમ'ને આધારે)**

**પ્ર.૨. નીચેનામાંથી કોઈપણ એક વિષે મુદ્દાસર નોંધ લખો.** ૨૦

૧. મૂર્તિપૂજાની પ્રાચીનતા.
૨. આહારશુદ્ધિ - સ્વામિનારાયણ સંપ્રદાયની વિલક્ષણતા.
૩. બ્રહ્મચર્ય પાલનના અક્સીર ઇલાજો.

**('ભગવાન સ્વામિનારાયણ ભાગ - ૨, ૩ અને ૪' નવી આવૃત્તિને આધારે)**

**પ્ર.૩. (અ) નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો.** ૨૦

૧. રસો વૈ સઃ - રસઘન મૂર્તિ શ્રીહરિ.
૨. સંતો પર વૈરાગીઓના અત્યાચાર અને પરમહંસ દીક્ષા.
૩. શ્રીહરિએ ખેલેલા વસંતોત્સવો.

**(બ) નીચેનામાંથી કોઈપણ બે વિષે ટૂંકનોંધ લખો.** ૨૦

૧. શ્રીહરિ નાજા જોગિયાની વહારે.
૨. જગજીવનને શ્રીહરિના દ્રોહનું મળેલું ફળ.
૩. જેતલપુરમાં મહાયજ્ઞ.
૪. અધમણ સોનાના દૃષ્ટાંતે મહાનુભાવાનંદ સ્વામીને ઉપદેશ.

✿ ✿ ✿